# PRESS NOTE

ગઈ તા.25/11/2017 ના રોજ એક ફરિયાદી તેજસ બિપિન પટેલ,ઉ.વ.22 વર્ષ, ધંધો- ઈ-કાર્ટ લોજિસ્ટિક પ્રાયવેટ લીમીટેડમાં, કુરિયર ડીલીવરી બોય તરીકેની નોકરી, રહે-કુંભાર ફળિયા, ગોયમાં, તાલુકો –પારડી, જીલ્લો- વલસાડ, ગુજરાત વાળાએ રૂબરૂ આવી પોતાની ફરીયાદ આપેલ કે પોતે પોતાની મોટર સાયકલ પર ઈ-કાર્ટ લોજિસ્ટિક પ્રાયવેટ લીમીટેડના પાર્સલો ડીલીવરી કરવા માટે જતો હોય તે વખતે કંચન ઈન્ડ.ઈસ્ટેટ, કુબેર કંપનીની બાજુમાં, સોમનાથ, દમણ ખાતે ચાર અજાણ્યા ઈસમોએ ફરિયાદીને રોકીને ચાકુ બતાવી મારવાની ધમકી આપીને ફરીયાદી પાસેથી થેલામાં રાખેલ (1) મોબાઈલ ફોન સેમસંગ ગેલેક્ષી ON NXT(2)મોબાઈલ ફોન P 4 NA Red @ white (3) મોબાઈલ ફોન Lenovo K8+ (4) મોબાઈલ ફોન Karbonn AURA Note (5) મોબાઈલ ફોન KALLK3310 તેમજ મારો મોબાઈલ ફોન સેમસંગJ2તેમજ પાર્સલમાં લાવેલ ઈલેક્ટ્રોનિક વસ્તુ, તેમજ સૂઝ(બુટ)-2 જોડી તેમજ મોબાઈલ એસેસરીઝ હોય, તેમજ અન્ય ૩ પાર્સલો હોય. જે પાર્સલોની કુલ કિંમત રૂ. 41,104/- થતી હોય, તેમજ મારા મોબાઈલ ની કિંમત રૂ.7200/- હોય, તેમજ મારા સ્પ્લેન્ડર મોટર સાયકલની કિંમત આશરે 25,000/- થતી હોય,જેની કુલ કીમત રૂ. 73,604/- તેની લુંટ કરીને તેઓ સાથે લાવેલ મોટર સાયકલ તેમજ એકટીવા મોપેડમાં ભાગી ગયેલ, જે રીતની ફરિયાદ આપતા ફરિયાદીની ફરિયાદ લઈ નાની દમણ પો.સ્ટે.માં ગુન્હો ઈ.પી.કો કલમ 392, R/w34IPC મુજબ ગુન્હો રજીસ્ટર્ડ કરી સદર ગુન્હાનું આગળનું તપાસ કામ ચાલુ રાખવામા આવતા

જેમાંઆ લુટનાફરાર આરોપીઓને પકડવા માટે મહેરબાન DIGP દમણ-દીવ અને દાદરા નગર હવેલી શ્રી બ્રજેશકુમાર સિંગ અને મહેરબાન SP શ્રીસેજુ કુરુવિલ્લા તેમજ SDPO શ્રી રવિન્દ્રકુમાર શર્મા વાળાઓના માર્ગદર્શન હેઠળ નાની દમણ પો.સ્ટે. ઈન્ચાર્જ ભરત પુરોહિતના નેતૃત્વમાં ASI પરસોતમ જાધવ, હેડ કોન્સટેબલ કેતન દમણીયા, નાનું મિટના, પોલિસ કોન્સ્ટેબલ મનોજ જેઠવા, શૈલેષ હળપતિ, આશિષ પટેલ, તેમજ હોમ ગાર્ડ વિક્રમ વાળાઓની ટીમ બનાવી તપાસની શરૂઆતમાં આજુબાજુ વિસ્તારમાં આવેલ CCTV ફૂટેજ,ટેકનિકલ સર્વિલેન્સ તેમજ ખાનગી માહિતીને આધારે તપાસ ચાલુ કરેલ તેમજ ટીમ દ્વારા છેલ્લા 2 મહિનાથી દમણ, વાપી, સીલવાસા, તેમજ વલસાડ વિસ્તારમાં આરોપીઓની તપાસ કરવામાં આવેલ જેમાં એક ખાનગી માહીતી મળેલ કે સદર લૂટના ગુન્હામાં એક ઈસમ નામે (1) અનુજસિંગ રાજકુમાર ઠાકોર, રહે-ભરતભાઈની ચાલ, ચીકુવાડી, ચલા, વાપી, ગુજરાત વાળો સામેલ હતો અને તે હાલે ચલા, ગુજરાત ખાતે આવેલ ચીકુવાડી વિસ્તારમાં છે જેથી ટીમ દ્વારા તેને પકડી નાની દમણ પો.સ્ટે.ખાતે લાવેલ અને પૂછપરછમાં તેણે પોતાનો ગુન્હો કબુલ કરેલ અને તેણે પૂછપરછમાં જણાવેલ કે આ ગુન્હામાં તેની સાથે અન્ય તેના સાથીદારો પણ છે જેથી ફરાર આરોપીઓને પકડવા ટીમ દ્વારા કવાયત શરૂ કરવામાં આવેલ જેમાં (2) નિખિલ જીતેન્દ્ર સિંગ, રહે-ભરતભાઈની ચાલ, ચીકુવાડી, ચલા, વાપી, ગુજરાત વાળાને ચલા, ચીકુવાડી વિસ્તારમાથી પકડવામાં આવેલ તેમજ (3) પિયુષ @ પિન્ટુ સુભાષ ચૌહાણ, ઉ.વ.20, રહે-અજિતભાઈની ચાલ, ડાભેલ, નાની દમણ વાળાને ડાભેલ, દમણ વિસ્તારમાથી પકડવામાં આવેલ તેમજ અન્ય એક આરોપી નામે (4) આદીત રાજકુમાર ઠાકોર, રહે-વાપી, ગુજરાત વાળાને વટાર, ગુજરાત વિસ્તારમાથી પકડવામાં પોલીસ ટીમને સફળતા પ્રાપ્ત થયેલ. અને તેઓ પાસેથી લૂટ કરેલ મુદ્દામાલ મળી આવેલ જેને પંચાનામું કરી કબ્જે લેવામાં આવેલ જે બાદ આ તમામ આરોપીઓને અટક કરી નાની દમણ પો.સ્ટે.ના લોકઅપમાં રાખવામા આવેલ અને આરોપીને પોલીસ રીમાન્ડ સાથે દમણ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવેલ જેમાં મહેરબાન જજ સાહેબે આરોપીઓના
દિવસના પોલીસ રીમાન્ડ મંજૂર કરેલ છે અને આગળની તપાસ દમણ પોલીસ દ્વારા ચાલુ રાખવામા આવેલ.



ISSUED BY
DAMAN POLICE